# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27-10-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

**************************************************

1. સર્વોચ્ચ અદાલતે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને નોટિસ ફટકારીને ડિજિટલ એરેસ્ટ કૌભાંડોના સંદર્ભમાં નોંધાયેલા ફરિયાદોની વિગતો માંગી.
2. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે મુંબઈમાં ઈન્ડિયા મેરીટાઇમ વીક -2025નું ઉદ્ઘાટન કરતાં કહ્યું, દરિયાઇ ક્ષેત્રનું દેશના જીડીપીમાં મહત્વપૂર્ણ યોગદાન.
3. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને તમામ દેશવાસીઓને છઠ પૂજાની શુભેચ્છાઓ પાઠવી.
4. પાયદળના 79માં સ્થાપના દિન નિમિત્તે પાયદળના ડિરેક્ટર જનરલ , લેફ્ટનન્ટ જનરલ અજય કુમારે કહ્યું , ભારતની સરહદોની સલામતી માટે પાયદળનું મહત્વપૂર્ણ યોગદાન.
5. ગુજરાતમાં ભારે વરસાદ, કેરળમાં ભારે વરસાદનું યલો એલર્ટ.

…………………………………………………………………….

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો….**

# SC-DIGITAL SCAMS

સર્વોચ્ચ અદાલતે આજે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને નોટિસ ફટકારીને ડિજિટલ એરેસ્ટ કૌભાંડોના સંદર્ભમાં નોંધાયેલા પ્રથમ માહિતી અહેવાલો **(FIR)** ની વિગતો માંગી છે.

દેશમાં વધી રહેલા ડિજિટલ એરેસ્ટ કૌભાંડો, જેમાં લોકો છેતરપિંડી કરનારાઓ દ્વારા લાખો રૂપિયા ગુમાવી રહ્યા છે , તેનું અવલોકન કરીને , સર્વોચ્ચ અદાલતે તમામ કેસોની તપાસ સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન ( **CBI)** ને સોંપવાનું પણ વિચાર્યું. આ સંદર્ભે સર્વોચ્ચ અદાલતે સીબીઆઇ આવા કેસની તપાસ માટે સજ્જ છે કે નહીં તેનો જવાબ માંગ્યો છે

અદાલત દેશભરમાં ડિજિટલ ધરપકડ કૌભાંડોના વધતા કેસો અંગે **17**મી ઓક્ટોબરથી શરૂ કરાયેલા સુઓ મોટો કેસની સુનાવણી કરી રહી હતી.

. . . . . . . . . . . . . .

# AMIT-SHAH-INDIA-MARITIME-WEEK

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે મુંબઈમાં ઈન્ડિયા મેરીટાઇમ વીક -2025નું ઉદ્ઘાટન કર્યું હતું. ઉદઘાટન પ્રસંગે કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું કે, ભારત દરિયાકિનારાની દ્રષ્ટિએ એક ઉભરતુ રાષ્ટ્ર છે અને દરિયાઇ ક્ષેત્રનુ પણ દેશના જીડીપીમાં મહત્વપૂર્ણ યોગદાન છે.

## બાઇટ- અમિત શાહ, કેન્દ્રીય ગૃહમંત્રી

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ , મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસની ઉપસ્થિતિમાં યોજાયેલા આ સંમેલનમાં દરિયાઇ ક્ષેત્રના વિકાસ અને તેના વિવિધ પાસાઓની ચર્ચા કરાશે .

ભારતીય બંદર સંગઠનની ભાગીદારીમાં બંદરો , શિપિંગ અને જળમાર્ગ મંત્રાલય દ્વારા આયોજિત પાંચ દિવસના આ કાર્યક્રમમાં ટકાઉ દરિયાઈ વૃદ્ધિ અને વેપાર વિસ્તરણ માટેના ભારતના વિઝનને પ્રદર્શિત કરાશે.

આ કાર્યક્રમમાં ભારત અને વિદેશના દરિયાઈ ઉદ્યોગના નેતાઓ , નીતિ નિર્માતાઓ, રોકાણકારો, નવીનતાઓ અને હિસ્સેદારોની ભાગીદારી પણ જોવા મળી હતી.

. . . . . . . . . .

# RAJNATH SIDM

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આજે દેશના સંરક્ષણ ઉત્પાદનમાં ખાનગી ક્ષેત્રની વધતી ભાગીદારી પર પ્રકાશ પાડ્યો હતો અને જણાવ્યું હતું કે ભારતની સંરક્ષણ નિકાસ હવે 23 હજાર 500 કરોડ રૂપિયા સુધી પહોંચી ગઈ છે. નવી દિલ્હીમાં ભારતીય સંરક્ષણ ઉત્પાદક સોસાયટી-SIDM વાર્ષિક પરિષદને સંબોધતા, તેમણે ભાર મૂક્યો હતો કે છેલ્લા દાયકામાં દેશનું સ્થાનિક સંરક્ષણ ઉત્પાદન વધીને 1.5 લાખ કરોડ રૂપિયાથી વધુ થયું છે. તેમણે ઉમેર્યું , ભૂમિ દળ, વાયુ દળ અને નૌકા દળ સંરક્ષણ મહત્વના સ્થંભ છે.

શ્રી સિંહે ભૂમિ દળ , નૌકાદળ અને વાયુસેના સાથે અનેક વ્યૂહાત્મક એમઓયુ દ્વારા ઉદ્યોગો અને સશસ્ત્ર દળો વચ્ચે મહત્વપૂર્ણ સહયોગ સ્થાપિત કરવા બદલ SIDMની પ્રશંસા પણ કરી.

(બાઇટ : RAJNATH-SINGH-SIDM)

. . . . . . . . . . .

# PREZ VP-CHHATH

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને તમામ દેશવાસીઓને છઠ પૂજાની શુભેચ્છાઓ પાઠવી છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં રાષ્ટ્રપતિ મુર્મુએ આશા વ્યક્ત કરી કે આ તહેવાર દરેકના જીવનમાં ખુશી અને સમૃદ્ધિ લાવે અને પર્યાવરણ સંરક્ષણની પ્રેરણા આપે.

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને આ તહેવારને કુદરતી સંતુલન , સામાજિક એકતા અને આધ્યાત્મિક ઉર્જાનું પ્રતીક ગણાવતા છઠી મૈયા દરેકના જીવનમાં ખુશી, સમૃદ્ધિ અને નવી ઉર્જાનો સંચાર કરે તેવી કામના કરી હતી.

. . . . . . . . . . .

# 79TH INFANTRY DAY

ભારતીય સૈન્ય આજે 79મો પાયદળ દિવસ ઉજવી રહ્યું છે. ભારતીય સેનાએ 27 ઓક્ટોબર, 1947ના દિવસે કાશ્મીર ખીણમાં ભારતીય ભૂમિ પર થયેલા પહેલા હુમલાને નિષ્ફળ બનાવ્યો હતો તેની યાદમાં આ દિવસ ઉજવવામાં આવે છે.

રાષ્ટ્રની સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતા સામેના ખતરાના જવાબમાં , શીખ રેજિમેન્ટની પહેલી બટાલિયનના સૈનિકોને શ્રીનગરમાં હવાઈ માર્ગે મોકલવામાં આવ્યા હતા. ભારતીય સેનાની આ હિંમતવાન કાર્યવાહી અને પાયદળના જવાનોની બહાદુરીએ પાકિસ્તાની સેનાના સમર્થનથી આવેલા હુમલાખોરોના નાપાક ઈરાદાઓને નિષ્ફળ બનાવ્યા હતા.

આ પ્રસંગે , પાયદળના ડિરેક્ટર જનરલ , લેફ્ટનન્ટ જનરલ અજય કુમારે તમામ નિવૃત્ત સૈનિકો અને સેવા આપતા પાયદળના જવાનોને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી. શ્રી કુમારે તેમના સંદેશમાં, તેમની અતૂટ હિંમત, વ્યાવસાયિકતા અને ફરજ પ્રત્યે અડગ સમર્પણની પ્રશંસા કરી.

તેમણે નોંધ્યું કે તેમનો સંકલ્પ, પછી ભલે તે સરહદોનું રક્ષણ કરવાનો હોય કે આંતરિક પડકારોનો સામનો કરવાનો હોય , રાષ્ટ્રની સલામતી અને અખંડિતતાને સુરક્ષિત રાખવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

. . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **YOUTUBE** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **NEWSONAIR.GOV.IN/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

. . . . . . . . .

# PM - RUN FOR UNITY

સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મજયંતિ નિમિત્તે 31મી ઓકટોબરે દેશભરમાં એકતા દોડ યોજવાનું આયોજન છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં , પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને આ દોડમાં ભાગ લેવા અને સરદાર વલ્લભભાઈ પટેલ અને તેમના અખંડ ભારતના વિઝનનું સન્માન કરવા અપીલ કરી છે.

. . . . . . . . . . . .

# CVC-VIGILANCE AWARENESS WEEK

દેશભરમાં આજથી સતર્કતા જાગૃતિ સપ્તાહ ઉજવવામાં આવી રહ્યું છે. સતર્કતા - આપણી સહિયારી જવાબદારી વિષય વસ્તુ સાથે ઉજવાઇ રહેલા આ સપ્તાહનો ઉદ્દેશ્ય જાહેર જીવનમાં પ્રમાણિકતાને પ્રોત્સાહન આપવા અને ભ્રષ્ટાચાર મુક્ત સમાજ પ્રાપ્ત કરવાનો છે.

આ સપ્તાહની શરૂઆત વિવિધ મંત્રાલયો, વિભાગો, PSUs, બેંકો અને અન્ય તમામ સંસ્થાઓમાં જાહેર સેવકો દ્વારા પ્રતિજ્ઞા લેવાથી થઈ હતી. સતર્કતા જાગૃતિ સપ્તાહ નિમિત્તે આજે નવી દિલ્હીમાં સેન્ટ્રલ સતર્કતા કમિશન ખાતે અધિકારીઓને શપથ લેવડાવ્યા હતા.

સતર્કતા જાગૃતિ સપ્તાહ દરમિયાન , ભ્રષ્ટાચાર સામે જાગૃતિ લાવવા માટે અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. દર વર્ષે ઓક્ટોબરના છેલ્લા અઠવાડિયામાં સતર્કતા જાગૃતિ સપ્તાહ મનાવવામાં આવે છે.

. . . . . . . . . . . . . . . .

# GOYAL-BELGIUM-VISIT

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલ આજે બે દિવસની બેલ્જિયમના બ્રસેલ્સની મુલાકાત લેશે. તેઓ યુરોપિયન સંઘ- EUના કાર્યકારી ઉપપ્રમુખ અને વેપાર કમિશ્નર મારોસ સેફકોવિક સાથે ઉચ્ચ સ્તરીય ચર્ચા કરશે.

આ મુલાકાત ભારત- EU મુક્ત વેપાર કરાર પર ચાલી રહેલી વાટાઘાટોના એક મહત્વપૂર્ણ તબક્કે થઈ રહી છે. બંને દેશો એક વ્યાપક , સંતુલિત અને પરસ્પર લાભદાયી વેપાર કરાર પૂર્ણ કરવાના પ્રયાસોને વેગ આપી રહ્યા છે. આ કરાર માટે વાટાઘાટોનો 14મો તબક્કો આ મહિનાની શરૂઆતમાં પૂર્ણ થયો હતો.

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે જણાવ્યું છે કે , પ્રસ્તાવિત મુક્ત વેપાર કરારના મુખ્ય ક્ષેત્રો બજાર પહોંચ, બિન-ટેરિફ પગલાં અને નિયમનકારી સહયોગ , પર ચર્ચા થવાની સંભાવના છે.

આ મુલાકાતમાં અત્યાર સુધી થયેલી પ્રગતિની સમીક્ષા કરવામાં આવશે , અને સંકલનની વધુ જરૂર હોય તેવા ક્ષેત્રોની ઓળખ કરાશે.

. . . . . . . . . . . . . .

# TM-CYCLONIC

બંગાળની ખાડીમાં ચેન્નાઈથી 600 કિમી પૂર્વ દક્ષિણપૂર્વમાં સ્થિત ચક્રવાત મોન્થા આવતીકાલે તીવ્ર ચક્રવાતી તોફાનમાં ફેરવાય તેવી શક્યતા છે.
માછીમારોને 29 તારીખ સુધી દરિયો ન ખેડવાની સૂચના આપવામાં આવી છે.
હાલમાં ચેન્નાઈ અને આંધ્રપ્રદેશની સરહદો ધરાવતા પડોશી જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદ પડી રહ્યો છે. ચેન્નાઈને પાણી પૂરું પાડતા જળાશયોના કેચમેન્ટ વિસ્તારોમાં ભારે વરસાદ થઈ રહ્યો હોવાથી વધારાનું પાણી દરિયામાં છોડવામાં આવી રહ્યું છે.

. . . . . . . . . . . . .

# GUJARAT RAIN

ગુજરાતમાં ગઈકાલથી ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. રાજ્યના કેટલાય જિલ્લાઓમાં વરસાદ યથાવત્ રહ્યો હતો.

રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાયેલા વરસાદના અહેવાલ અનુસાર આજે સવારે છે વાગ્યાથી દસ વાગ્યા સુધીમાં 137 તાલુકાઓમાં વરસાદ વરસ્યો હતો . જેમાં સૌથી વધુ વરસાદ અમરેલીના રાજુલામાં છ ઇંચ અને ભાવનગરના મહુવામાં સાડા ત્રણ ઇંચ જેટલો વરસાદ ખાબક્યો હતો.

હાલમાં પણ અનેક સ્થળે વરસાદ વરસી રહ્યાં હોવાના અહેવાલ સાંપડી રહ્યાં છે..

. . . . . . . . . . .

# RAIN KERALA

હવામાન વિભાગે કેરળના કોઝિકોડ , કન્નુર અને કાસરગોડ જિલ્લામાં ભારેથી અતિ ભારે વરસાદની ચેતવણી આપતા ઓરેન્જ એલર્ટ આપ્યું છે. આ સાથે કેરળના અન્ય સાત જિલ્લાઓ પણ આજે અને આવતીકાલે ભારે વરસાદનું યલો એલર્ટ આપવામાં આવ્યું છે.

. . . . . . . . . . . . . . . . .

# YANAM CYCLONE

અરબી સમુદ્રમાં ઊભા થયેલા ચક્રવાત મોન્થા સામે યાનમ વહીવટીતંત્ર સજ્જ છે.

વિશાખાપટ્ટનમથી **NDRF**ની **28** સભ્યોની ટીમ અને પુડુચેરીથી **40** ભારતીય રિઝર્વ બટાલિયન કર્મચારીઓ બચાવ અને રાહત કામગીરી માટે યાનમ પહોંચ્યા છે. અઢાર જેટલા આશ્રયસ્થાનોની વ્યવસ્થા કરવામાં આવી છે અને સંવેદનશીલ વિસ્તારોમાં છ જનરેટર સ્થાપિત કરવામાં આવ્યા છે.

. . . . . . . . .